# નવા વર્ષમાં સંકલ્પ લઈએ અને તેને સિદ્ધ કરીએ

સૌ પ્રથમ તો સૌ વાચક મિત્રોને નાવા વર્ષની શુભેચ્છા પાઠવું છું. આવતું નવા વર્ષમાં સાચી અને સારી તમારી તમામ ઇચ્છાઓ પૂર્ણ થાય તેવી અંતઃકરણપૂર્વકની પ્રભુને પ્રાર્થના. સાથે સૌ વાચકમિત્રો પાસે એક અપેક્ષા પણ છે કે, નવા વર્ષની શરૂઆતમાં કોઇ એક સંકલ્પના કરે અને તેને પૂર્ણ પણ કરે. આ સંકલ્પના તેના પોતાના. અન્ય વ્યકિતના  કે સમાજના વિકાસ માટેની હોઇ શકે. સંકલ્પ એટલે નિયમ, પ્રતિજ્ઞા, ઇરાદો, ઇચ્છા, નિર્ધાર, નિશ્ચય જેવો અનેક શબ્દો વપરાય છે. તમને જે શબ્દ ગમતો હોય તે શબ્દ પકડીને તમે કોઇ એક સંકલ્પ-નિર્ધાર કરો. માત્ર સંકલ્પ કરવાથી જ નહીં ચાલે તેને પૂર્ણ કરવો જ રહ્યો. સંકલ્પ કરવા પાછળનો મુખ્ય હેતુ જ એ છે કે તમે કોઇ એક ચોક્કસ બાબત-વાત કે જેને આપણે હેતુ-ઉદ્દેશ કહી શકીએ તેને પ્રાપ્ત કરવા ઇચ્છો છો પણ તેને હજુ સુધી પ્રાપ્ત કરી શક્યા નથી. સંકલ્પ લેવાથી મોટો ફાયદો એ થાય છે કે તમે જે ઇચ્છી રહ્યા છો તેને પ્રાપ્ત કરવા માટે સતત પ્રયત્નશીલ રહો છો. તમારો સંકલ્પ તમને સતત યાદ અપાવે છે કે તમારે શું કરવાનું છે કે નથી કરવાનું. પરિણામ સ્વરૂપ તમે ધારેલ બાબત સુધી પહોંચવા માટે ઇરાદાપૂર્વકના સતત પ્રયત્ન કરો છો. જે તમને તમારા લક્ષ્ય સુધી પહોંચાડે છે. પરિણામ સ્વરૂપ વ્યકિત કે સમાજનો વિકાસ થાય છે.

અહીં આપણે શિક્ષણ સાથે સંકળાયેલ વિવિધ માનવ પરિબળોએ લેવા જેવા સંકલ્પ વિશે કેટલીક ચર્ચા કરીશું. શિક્ષણ સાથે સંકળાયેલ પરિબળોમાં શિક્ષક, વિદ્યાર્થી, વાલી, આચાર્ય અને સરકારના અધિકારીઓનો સમાવેશ કરીશું. કે જેમના વર્તન-નિર્ણયની અસર શિક્ષણની નીતિ-રીતિ  પર થાય છે. ાાપણે દરેક માનવ પરિબળને એક કરતાં વધુ સંકલ્પોનું સૂચન કરીશું. જેમાંથી જે તે માનવ કોઇ એક સંકલ્પ કરશે તો પણ તે વ્યક્તિ અને સમાજનું હિત સાધવામાં મદદરૂપ થશે.

સૌ પ્રથમ વાત કરીએ શિક્ષકે લેવા જેવા સંકલ્પની. દરેક શિક્ષક વર્ગમાં નિયમત પણે સમયસર જાય અને નિચોવાઇને નિષ્ઠાપૂર્વક કામ કરે તેવી અપેક્ષા સૌ વિદ્યાર્થી અને વાલીની હોય છે. સમાજની સૌથી વધુ વિશ્વાસપૂર્વકની અપેક્ષા શિક્ષક પાસે હોય છે. ત્યારે શિક્ષક આવું કશુંક કરી બતાવે...... હું શાળામાં અને વર્ગમાં સમયસર જઇશજ. વર્ગમાં શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરીને જ શિક્ષણકાર્ય કરીશ. અભ્યાસમાં નબળાં વિદ્યાર્થીઓ માટે અલગ સમય ફાળવીને તેમને શીખવીશ. વર્ગમાં કોઇ વિદ્યાર્થીનું અપમાન નહીં કરું અને પ્રોત્સાહન આપીશ. વાલી સાથે નમ્રતાપૂર્વક વ્યવહાર કરીશ. કોઇપણ વિદ્યાર્થીએ ટ્યુશન રખાવવું પડે તેવી પરિસ્થિતિ ઊભી નહી કરું. પતિ-પત્ની એક જ શાળામાં ફરજ બજાવતા હોઇએ ત્યાં બંને દરરોજ-સમયસર જઇશું. ગામમાં સાક્ષરતાનો દર વધે તે મો લોકોને પ્રોત્સાહન અને સગવડતા આપીશું. કોઇએક સામાજિક પ્રવૃત્તિમાં જોડાઇશ. મારી હાજરીમાં પરીક્ષામાં વિદ્યાર્થીને ચોરી નહીં કરવા દઉં. સમાજમાં વ્યાપેલ બદીઓ દૂર કરવા શક્ય પ્રયત્ન કરીશ. કમ્પ્યૂટર અને ઇન્ટરનેટનો ઉપયોગ કરતાં શીખીશ.

આચાર્યશ્રીએ કરવા જેવા સંકલ્પ...... શાળાના તમામ કર્મચારીઓ સાથે કોઇપણ ભેદભાવ રાખ્યા વગરનું વર્ગન કરીશ. મારા દરેક નિર્ણય તટસ્થતાથી લઇશ. સારું કામ કરનાર શિક્ષકને પ્રોત્સાહન આપીશ અને નબળું કામ કરનાર શિક્ષક સામે શિક્ષાત્મક કાર્યવાહી કરીશ. વિદ્યાર્થી અને શિક્ષકના વ્યક્તિત્વ વિકાસ માટે શાળામાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરીશ અને તેમાં વાલીને પણ સામેલ કરીશ. શાળાના તમામ કર્મચારીઓ કમ્પ્યૂટર શીખે તેવા વાતાવરણનું સર્જન કરીશ. સારા પુસ્તકો વાંચીશ અને શિક્ષકોને વાંચવા માટે

પ્રેરીશ. જાહેરમાં કોઇપણ વિદ્યાર્થી કે શિક્ષકને ૃડાવીશ નહીં કે ઉતારી નહીં પાડું. કમ્પ્યૂટર અને ઇન્ટરનેટનો ઉપયોગ કરીશ.

વિદ્યાર્થીએ પણ કેટલાક સંકલ્પ કરવા જોઇએ. જેમકે, હું મારા વાલી અને શિક્ષકનું સન્માન કરીશ અને તેમની સામે નમ્રતાથી વર્તન વ્યવહાર કરીશ. મારો મોટાભાગનો સમય અભ્યાસ પાછળ ગાળીશ. અભ્યાસ સિવાયની પ્રવૃત્તિમાં જાડાતાં પહેલાં શિક્ષક કે વાલીનું માર્ગદર્શન મેળવીશ. જરૂરિયાતમંદ વિદ્યાર્થીને મદદરૂપ થઇશ. કોઇપણ દીવાલ પર ગંદા સૂત્રો નહીં લખું. બસમાં વગર ટીકીટ મુસાફરી નહીં કરું. શાળા-કોલેજ, શિક્ષક-વાલી મારા માટે ગૌરવ અનુભવે તેવી કોઇ એક પ્રવૃત્તિ કરીશ. વિદ્યાર્થી માટે સૌથી અગત્યનો સંકલ્પ એ છે કે, ગત પરીક્ષાના પરિણામ કરતાં હવે પછીની પરીક્ષાનું પરિણામ સુધારવું અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓમાં ભાગ લેવો.

વાલી પણ શિક્ષણ સાથે સંકળાયેલ મહત્ત્વનું માનવ પરિબળ છે. જેમના વર્તન વ્યવહારની અસર માત્ર વિદ્યાર્થી પર જ નહીં શિક્ષક પર પણ પડે છે. દરેક વાલીએ મહત્ત્વનો સંકલ્પ લેવો હોય તો તે સંકલ્પ છે – શિક્ષકને પૂરા સન્માન સાથે જોવો અને તે મુજબનું વર્તન કરવું. આજે ઘણાં વાલી શિક્ષકને જોઇ લેવાની વાત કરે છે ત્યારે તેવા વાલી માટે આ સંકલ્પ ખૂબ જ મહત્ત્વનો સાબિત થશે. આ ઉપરાંત અન્ય સંકલ્પ ખાસ લેવા જેવા છે, જેમકે – દર મહિને ઓછામાં ઓછું એકવાર શાળા-કોલેજમાં જઇને શિક્ષકને મળીને પારા પુત્ર-પુત્રીની અભયસકીય બાબતો જાણીશ. શિક્ષકના સૂચનનું સંપૂર્ણ પાલન કરીશ. મારા બાળકને સામાજિક પ્રવૃત્તિમાં જોડાવા પ્રોત્સાહન આપીશ. સામાજિક કાર્યક્રમોમાં બાળકને લઇને જ જઇશ. બાળકની હાજરીમાં ગુસ્સે થઇને કે ખોટું નહીં બોલું.

અંતે સરકારમાં બેસીને શિક્ષણ સાથે સંકળાયેલ કર્મચારીગણે પણ કેટલાક સંકલ્પ લેવાની જરૂર છે. આ સરકારી મિત્રોનું એક બાબત પર કાસ ધ્યાન દોરવું ચે કે ભલે તમે સીધી રીતે શિક્ષણ સાથે સંકળાયેલ ન હોવ, પણ તમારા વર્તન તરાહની સીધી અસર શિક્ષક, વિદ્યાર્થી, વાલી અને આચાર્ય પર તાય ચે. માટે આપશ્રીને ખાસ વિનંતી ચે કે આપ આપના વર્તનથી શિક્ષક-આચાર્ય અને વાલીને જીતો. તેની સીધી અસર શિક્ષણ પર થશે. શિક્ષકની એક ફાઇલનો યોગ્ય સમયમાં નિકાલ ન થાય તો તેની અસર શિક્ષકના શિક્ષણ કાર્ય અને વિદ્યાર્થી-વાલી સાથેના વર્તન પર તાય છે. માટે તમે સંકલ્પ કરો કે....... હું સમયસર ફાયલોનો નિકાલ કરીશ. કોઇપણ ફાઇલના નિકાલ માટે ભ્રષ્ટાચારનો આશરો નહીં લઉં. સારા શિક્ષક કે આચાર્યને સામે ચાલીને ફોન કરીને જાણ કરીશ કે સાહેબ આપનું કામ પૂરું થઇ ગયું છે, આપ આપની ફાઇલ લઇ જાવ. શિક્ષક આચાર્યને કોઇપણ કામ માટે ધક્કા નહીં ખવડાવું અને તેમને પૂરું સન્માન આપીશ.

ઉપરોક્ત સંકલ્પમાં જણાવેલ બાબતો આમ તો દરેકની નૈતિક ફરજમાં આવે જ છે. પણ આજે તે નૈતિકતા દેખાતી નથી. માટે જ આવા સંકલ્પ લેવાની જરૂરિયાત ઊભી થાય છે. આમ કરશો તો પણ તમારો અને સમાજનો વિકાસ થશે. આ સંકલ્પમાં નવું કશુંજ નથી, પણ જૂનું સચવાયું નથી તેને પાછું લાવવાની વાત છે. અંતે સૌ વાચક મિત્રોને શુભેચ્છા કે સારો સંકલ્પ લે અને પૂર્ણ કરે.